# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## છઠ્ઠું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

ગુરુવાર, ૨૦ માર્ચ, ૨૦૨૫

બપોરે ૧૨:૦૦વાગ્યે

1. **પ્રશ્નોત્તરી**

   **તારાંકિત પ્રશ્નોત્તરી**

   (1) માનનીય કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી

   (2) માનનીય આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી

2. **વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

   (1) જાહેર સાહસો માટેની સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત

   **.....સમિતિના માનનીય પ્રમુખશ્રી ગણપતસિંહ વસાવા/સભ્યશ્રી**

3. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

   (1)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂ. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| વન અને પર્યાવરણ વિભાગ | | | | | અં.પ્ર.નં-૮ |
| વન અને પર્યાવરણ મંત્રીશ્રી | ૨૬ | વન | મહેસૂલ | ૧૩,૬૩,૫૦,૦૦,૦૦૦ | ૬ થી ૮, ૧૧ થી ૩૪, ૪૪ થી ૫૫ |
| | | | મૂડી | ૧૧,૪૬,૨૬,૦૦,૦૦૦ | |
| વન અને પર્યાવરણ મંત્રીશ્રી | ૨૭ | પર્યાવરણ | મહેસૂલ | ૨૨,૭૬,૦૦,૦૦૦ | ૯ અને ૧૦, ૩૫ અને ૩૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉદ્યોગ અને ખાણ વિભાગ | | | | | અં.પ્ર.નં-૧૩ |
| પ્રવાસન મંત્રીશ્રી | ૫૧ | પ્રવાસન | મહેસૂલ | ૫,૯૮,૫૯,૦૦,૦૦૦ | ૬૮ થી ૭૬, |
| | | | મૂડી | ૧૬,૫૧,૪૮,૦૦,૦૦૦ | ૧૦૧ થી ૧૦૪ |
| રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | | | | | અં.પ્ર.નં-૨૫ |
| રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી (રા.ક.) | ૯૮ | યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | મહેસૂલ | ૫,૮૪,૪૯,૦૦,૦૦૦ | ૭ અને ૮, |
| | | | મૂડી | ૨,૬૬,૦૩,૦૦,૦૦૦ | ૧૧ થી ૩૭, ૪૪ થી ૫૨ |
| કલાઈમેટ ચેન્જ વિભાગ | | | | | અં.પ્ર.નં-૨૮ |
| કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી | ૧૦૭ | ક્લાઇમેટ ચેન્જ વિભાગ | મહેસૂલ | ૧,૬૫,૦૦,૦૦૦ | ૯ થી ૧૨ |
| | | | મૂડી | ૨,૧૦,૦૦,૦૦૦ | |

## 4. <u>બિન-સરકારી કામકાજ</u>

(1) **બિન-સરકારી વિધેયકો**

**દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો**

(i) સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક

**......માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા**

(ii) સન ૨૦૨૫નું ગુજરાત રાજ્ય રમતવીર પ્રોત્સાહન વિધેયક

**......માનનીય સભ્યશ્રી હાર્દિકભાઇ પટેલ**

(iii) સન ૨૦૨૫નું ગુજરાત આરોગ્યનો અધિકાર વિધેયક

**......માનનીય સભ્યશ્રી અર્જુન મોઢવાડિયા**

(iv) સન ૨૦૨૫નું ગુજરાત રાજ્ય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક

(2) બિન-સરકારી સંકલ્પો

(i)
માનનીય સભ્ય શ્રી કિરીટસિંહ ડાભીનો સંકલ્પ (૫૮ મિનિટ)

"ભારતનું બંધારણ" આ શબ્દ સાંભળતાં જ ભારતના પ્રત્યેક નાગરિકને સાર્વભૌમત્વનો અહેસાસ થાય છે. ભારતની સામાજિક, આર્થિક અને રાજકીય વ્યવસ્થાનો આધારસ્તંભ તે આપણું બંધારણ છે. આ ત્રણેય વ્યવસ્થાના આધારે સમગ્ર દેશનું સંચાલન થાય છે, જેના થકી ભારતની લોકશાહીનો પાયો વધુ સુદ્રઢ બન્યો છે.

ભારતના બંધારણને ઘડવા માટે ૨૯૯ સભ્યોની બંધારણસભાની રચના કરવામાં આવેલ હતી. આ બંધારણસભાએ વિવિધ દેશોના બંધારણનો વિગતવાર અભ્યાસ કર્યો અને તે પૈકી કેટલીક જોગવાઇઓને ભારતના બંધારણમાં ઉચિત સ્થાન આપવા માટે નિર્ણય કરવામાં આવ્યો. બંધારણસભાએ ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસના ટૂંકા સમયગાળામાં ભારતના બંધારણને ઘડવાની ભગીરથ કામગીરી પૂર્ણ કરી હતી. ભારતીય બંધારણ સભાના અધ્યક્ષપદે ભારતરત્ન ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને ડ્રાફ્ટીંગ કમિટિના ચેરમેન તરીકે ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની ભૂમિકા ચાવીરૂપ હતી જેઓના અથાગ પરિશ્રમના પરિણામે તા.૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ ઘડવાની કામગીરી પૂર્ણ થઇ અને બંધારણસભા દ્વારા ભારતના બંધારણને સ્વીકારવામાં આવ્યું. ભારતની સંસદે તારીખ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે સમગ્ર રાષ્ટ્રમાં તેને લાગુ કર્યું અને ત્યારથી જ ભારતનું બંધારણ એ દેશના પ્રત્યેક નાગરિકનું બંધારણ બન્યું. આ બંધારણને શાંતિનિકેતનના કલાકારો નંદલાલ બોઝ અને રામમનોહર સિન્હા દ્વારા કલાત્મક રીતે સજાવવામાં આવેલ છે.

રાષ્ટ્રની આઝાદી માટેની ચળવળમાં સ્વાતંત્ર્ય સેનાનીઓ રાણી લક્ષ્મીબાઈ, વીર ભગતસિંહજી, વીર સાવરકરજી, સુખદેવજી, પંડિત મદનમોહન માલવિયાજી, લાલા લજપતરાયજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ તેમજ દેશી રજવાડાંઓનું એકત્રીકરણ કરનાર અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ સહિત અનેક નામી-અનામી પ્રતિભાઓએ વિશિષ્ટ યોગદાન આપી ચાવીરૂપ ભૂમિકા ભજવેલ છે.

ભારતના બંધારણમાં દેશની "વિવિધતામાં એકતા" દર્શાવતા ગુણો, સમાનતા, સ્વતંત્રતા, બંધુતા અને સાર્વભૌમત્વના સિદ્ધાંતો તેમજ ભારતીય સંસ્કૃતિની અપ્રતિમ ઝલક પણ સમાવિષ્ટ છે. ભારતના બંધારણમાં ભગવાન બુદ્ધ તથા મહાવીરથી લઈ વીરાંગના રાણી લક્ષ્મીબાઈ અને છત્રપતિ શિવાજી મહારાજ સહિતના ભારતીય સંસ્કૃતિના જ્યોર્તિધરોના સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

ભારતના બંધારણના આમુખની શરૂઆતમાં" અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકતંત્રાત્મક, પ્રજાસત્તાક તરીકે" સંસ્થાપિત કરવાનો સંકલ્પ કરેલ છે. ભારતના બંધારણનું આમુખ તે બંધારણનો આત્મા છે. બંધારણના અર્થઘટનમાં જયારે પણ કોઈ મુશ્કેલી ઊભી થાય ત્યારે આમુખમાં થયેલી સ્પષ્ટતાને આખરી ગણવામાં આવે છે.

ભારતના બંધારણનો મૂળભૂત હાર્દ એ છે કે રાજકીય સત્તાનો મુખ્ય સ્ત્રોત ભારત દેશના નાગરિકો જ છે અને તેથી તેને અધિનિયમિત કરી પોતાને જ સમર્પિત કરેલ છે. સમવાયી માળખુ, સંસદીય વ્યવસ્થા, કેબિનેટ સિસ્ટમ, મૂળભૂત અધિકારો અને સ્વતંત્ર ન્યાયતંત્ર જેવી બાબતો આપણે અપનાવી છે.

બંધારણમાં ભારતના પ્રત્યેક નાગરિકને મૂળભૂત અધિકારો આપેલ છે તથા તેના રક્ષણ માટે બંધારણીય ઉપાયોની પણ વિશેષ જોગવાઈ રાખવામાં આવેલ છે. મૂળભૂત અધિકારોમાં અભિવ્યક્તિ અને વાણીનું સ્વાતંત્ર્ય, ૧૪ વર્ષથી નીચેની ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, ધર્મ સ્વાતંત્ર્યનો અધિકાર સહિતની બાબતો ભારતના બંધારણે પ્રજાને આપેલ અમૂલ્ય ભેટ છે. સાચા અર્થમાં ભારત, એક કલ્યાણ રાજ્ય બની રહે તે માટે રાજ્યોએ અનુસરવાના માર્ગદર્શક સિધ્ધાંતો પણ બંધારણે આપણને આપેલા છે.

ભારતીય બંધારણને તા.૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ સ્વીકારવામાં આવ્યું, એ સોનેરી દિવસને તા. ૨૬મી નવેમ્બર, ૨૦૨૪ના રોજ ૭૫ વર્ષ પૂર્ણ થતાં તેની યાદગીરીરૂપે કેન્દ્ર સરકાર દ્વારા સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં ઉજવણી કરવામાં આવેલ. જેમાં માનનીય રાષ્ટ્રપતિ મહોદયા, માન.ઉપરાષ્ટ્રપતિશ્રી, માનનીય પ્રધાનમંત્રીશ્રી, લોકસભાના અધ્યક્ષશ્રી તેમજ માનનીય મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેલ. ભારતના સંવિધાનની ૭૫મી વર્ષગાંઠની સતત એક વર્ષ સુધી ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ઉજવણીમાં મુખ્યત્વે ચાર બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે.

૧. બંધારણનું આમુખ (Preamble of the Constitution)

૨. બંધારણને જાણો (know your Constitution)

૩. બંધારણનું ઘડતર (Making of Constitution)

૪. બંધારણનો મહિમા (Celebrating Glory of the Constitution)

આ ઉજવણીનો મૂળભૂત ઉદ્દેશ્ય ભારતનો પ્રત્યેક નાગરિક બંધારણના ઘડતરની સમગ્ર પ્રક્રિયાથી સુપરિચિત થાય, બંધારણને જાણે, બંધારણના આમુખની વિશેષતા તથા બંધારણના મહત્ત્વથી પરિચિત થઈ, બંધારણ પ્રત્યે ગર્વની લાગણી અનુભવે તે છે.

મૂળભૂત હક્કો સાથે બંધારણે નાગરિકો માટે મૂળભૂત ફરજો પણ નિર્દિષ્ટ કરેલ છે. માર્ગદર્શક સિદ્ધાંતોને આધારે જ દેશના તમામ નાગરિકો માટે એક સમાન દીવાની કાયદો (Uniform Civil Code) ઘડવા સરકાર કૃતનિશ્ચયી છે.

અનેક ચઢાવ-ઉતાર, પ્રજાની અપેક્ષાઓ અને આકાંક્ષાઓને મૂર્તિમંત કરવા માટે ભારતનું બંધારણ પરિવર્તનીયનો ગુણ ધરાવે છે. તેમાં નિયત પ્રક્રિયાને અનુસરીને સુધારા કરવાની જોગવાઇ પણ સમાવવામાં આવેલ છે. ઉકત જોગવાઇને કારણે વખતોવખત થયેલા બંધારણીય સુધારાઓ તેમજ સંસદીય લોકશાહીના મૂલ્યોને જીવંત રાખનાર બંધારણના અમલીકરણમાં સંસદ, વિધાનસભા ગૃહો, ન્યાયપાલિકા, કારોબારી અને લોકશાહીની ચોથી જાગીર ગણાતા તેવા પ્રસાર માધ્યમોની ભૂમિકાની પણ આ તબક્કે નોંધ લેવી રહી. આ પવિત્ર બંધારણે રાજકીય, સામાજિક અને આર્થિક પરિવર્તનો વચ્ચે ભારતને વિકાસની કેડી પર સતત આગળ ધપાવવા માર્ગદર્શન આપ્યું છે. સાથે જ ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મૂલ્યોને પણ સુનિશ્ચિત કર્યા છે, જે ભારતના શાસનના મૂળભૂત સિધ્ધાંતો છે.

આપણું બંધારણ તમામ બાબતોમાં એક ઉત્કૃષ્ટ દસ્તાવેજ અને રાષ્ટ્રને અર્પિત થયેલો ઉપહાર છે. સાચા અર્થમાં આપણું સંવિધાન, આપણું સ્વાભિમાન અને ભારતના પ્રત્યેક નાગરિકનું સ્વાભિમાન છે. ભારતના સંવિધાન થકી જ આજે " સૌનો સાથ, સૌનો વિકાસ" શક્ય બન્યો છે. વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે " સૌનો પ્રયાસ" પણ જરૂરી છે. જેના થકી ભારતના બંધારણની પવિત્રતાનું રક્ષણ કરી સંવિધાન દ્વારા ભારતના પ્રત્યેક નાગરિકની વિકાસ યાત્રા અવિરતપણે આગળ ધપાવવા અને વર્ષઃ ૨૦૪૭માં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં " હમારા સંવિધાન, હમારા

સ્વાભિમાન"ના અભિયાનને આગળ ધપાવવા માટે પ્રોત્સાહક પગલાં ભરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

(ii)
**<u>માનનીય સભ્યશ્રી પ્રવિણભાઇ ઘોઘારીનો સંકલ્પ (૫૮ મિનિટ)</u>**

પરંપરાગત રીતે, જેઓ પોતાના હાથ તેમજ સાધનસામગ્રીથી સખત મહેનત કરીને વસ્તુઓ બનાવે છે, તેઓ ખરા અર્થમાં આ દેશના નિર્માતા છે. ભગવાન વિશ્વકર્માના આ સંતાનોને આધુનિક સાધનસામગ્રી સાથે પોતાની પરંપરાગત કળા જાળવી રાખવાના ઉદ્દેશથી દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે, કારીગર વર્ગના સર્વગ્રાહી ઉત્થાન માટે "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" અમલમાં મૂકી છે. ભારત સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાયિત "પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" વર્ષ ૨૦૨૭-૨૮ સુધી પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવી છે.

"પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના"નો હેતુ કારીગરો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવાનો તેમજ વિશ્વકર્મા સમાજ સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓ સાથે જોડાય તે સુનિશ્ચિત કરવાનો છે. આ ઉપરાંત હસ્તકલાના કારીગરોને તેમના સંબંધિત વેપારમાં મૂલ્યવૃધ્ધિની શૃંખલાને આગળ વધારવા માટે સક્ષમ બનાવવા, શરૂઆતથી માંડીને અંત સુધી સર્વગ્રાહી સહાય પ્રદાન કરવાનો છે. આનાથી કારીગરો જે વ્યવસાય કરે છે, તેમાં ગુણાત્મક પરિવર્તન આવશે અને વિશ્વકર્મા સમાજની સામાજિક-આર્થિક સ્થિતિ તેમજ તેમના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો થશે.

ભારતીય અર્થવ્યવસ્થામાં વિવિધ વ્યવસાયોના કારીગરો અને હસ્તકલાના કારીગરોનો નોંધપાત્ર સમાવેશ થયેલ છે. આ યોજનાના આયોજન અંતર્ગત ભારત સરકાર દ્વારા પ્રાથમિક તબક્કે ૧૮ વેપાર-વ્યવસાય સાથે સંકળાયેલા લાભાર્થીઓને લાભ આપવામાં આવનાર છે. જેમાં વાળંદ(નાઈ), દરજી, ધોબી, ઢીંગલી અને પરંપરાગત રમકડા બનાવનાર, સોની, શિલ્પકાર/ મૂર્તિકાર/પથ્થરની કામગીરી કરનાર, બાસ્કેટ/મેટ/સાવરણી બનાવનાર/કાંથીની વસ્તુઓના કારીગરો, કુંભાર, કડિયા, લુહાર, સુથાર, મોચી/પગરખાં બનાવનાર કારીગર, બખ્તર બનાવનાર(આર્મરર), બોટ બનાવનાર, માછલી પકડવાની જાળી બનાવનાર, ફુલોની માળા બનાવનાર, હથોડી અને ટૂલકીટ બનાવનાર, તાળાં બનાવનાર અને મરામત કરનાર વગેરે વિશ્વકર્મા કારીગરોનો સમાવેશ થાય છે.

"પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના" સમગ્ર દેશની સાથે ગુજરાત રાજ્યમાં અમલી બનાવવામાં આવેલ છે ત્યારે વિશ્વકર્મા વ્યવસાયિકો તેના વધુમાં વધુ લાભાર્થી બને તે જરૂરી છે. આ યોજનાને બહોળી પ્રસિધ્ધિ મળે અને યોજના મહત્તમ લાભાર્થીઓ સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા અને આ સંબંધમાં અસરકારક પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(iii)
**<u>માનનીય સભ્ય શ્રી મનુભાઇ પટેલનો સંકલ્પ</u>** (××)

ભારતના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દેશભરમાં બાળકો અને માતાઓને કુપોષણથી મુક્ત કરવાના નિર્ધાર સાથે આ પોષણ અભિયાનનો ગુજરાત રાજયમાં પણ પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પોષણ અભિયાનમાં સગર્ભા મહિલાઓ સહિત છ માસના બાળકોથી માંડીને કિશોરીઓને આવરી લેવામાં આવ્યા છે. સંકલિત બાળ વિકાસ યોજના, પૂર્ણા યોજના, સત્વ યોજના, ટેક હોમ રાશન યોજના, દૂધ સંજીવની યોજના તેમજ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના દ્વારા કુપોષણને દૂર કરી

પોષણયુકત તંદુરસ્ત સમાજના નિર્માણ માટે એક જનઆંદોલન રાજયભરમાં ચલાવવામાં આવી રહ્યું છે.

અંદાજે રૂ.૩૩૫ કરોડ ૪૦ લાખ જેવી માતબર રકમ કિશોરીઓને કુપોષણથી મુક્ત કરવા માટે ફાળવવામાં આવી છે. આ રીતે પોષણ અભિયાનને એક જનઆંદોલન સ્વરૂપે ચલાવવામાં આવી રહ્યું છે. પંદરથી અઢાર વર્ષની દિકરીઓના પોષણ માટે પૂર્ણા યોજના પણ અમલી બની છે ત્યારે આ અભિયાનમાં પણ ગુજરાત મોખરે રહેલ છે.

પ્રત્યેક બાળક અને આવનાર પેઢી તંદુરસ્ત રહે તેની જવાબદારી અને ચિંતા માત્ર સરકાર જ નિભાવી રહી નથી, પરંતુ સમગ્ર સમાજ અને જનતા તેમાં પોતાનું યોગદાન આપી અભિયાનને સફળ બનાવવા પ્રયત્નશીલ છે ત્યારે રાજય સરકાર અભિયાનનો વ્યાપ હજુ પણ વધારવા માટે વ્યાપક પગલાં લે તેના માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

×× **માનનીય સભ્ય શ્રી મનુભાઇ પટેલનો સંકલ્પ નિયમ-૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે.**

| | |
|---|---|
| **વિધાનસભા ગૃહ** | **ચેતન પંડયા** |
| **ગાંધીનગર** | **સચિવ** |
| **તારીખઃ૧૯ માર્ચ ૨૦૨૫** | **ગુજરાત વિધાનસભા** |